


દાખલ તારીખ : ૨૩–૦૨–૨૦૨૬
રજી. તારીખ : ૨૩–૦૨–૨૦૨૬
ફેસલ તારીખ : ૦૭–૦૪–૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ

**ધોરાજીના એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું ધોરાજી.**

**ફોજદારી કેસ નં. ૩૪૪/૨૦૨૬**

**આંક–**

ફરીયાદીઃ– શ્રી સરકાર,

**વિરૂધ્ધ**

આરોપી– પ્રફુલભાઇ દાનાભાઇ શેખવા

રહે.ભુખી, પ્રાથમીક શાળા પાછળ,તા.ધોરાજી.

**ગુનોઃ– ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૩૫૧(૩),૩૫૨, મુજબ.**

---

ફરીયાદ પક્ષેઃ– વિદ્વાન એ.પી.પી. શ્રી જે. વી. જોષી.
આરોપી પક્ષેઃ– વિ.વ.શ્રી એન.આર.શેખવા

---

**//ચુ કા દો//**

**૧.** આ કામના ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૪.૧૧.૨૦૨૫ ના રોજ કલાક ૧૯–૪૫ વાગ્યાના અરસામાં મોજે હનુમાનજી મંદિર, ભુખી ખાતે આ કામના ફરિયાદી હનુમાનજી મંદિરે દીવાબતી કરતા હોય, આ કામના આરોપી ત્યાં આવી ફરિયાદીને ઢીકાપાટુનો માર મારી, ભુંડી ગાળો આપી, જાનથી મારી નાંખવાની ધમકી આપી તેમજ ફરિયાદીનુ માથુ બાકડા સાથે ભટકાડી, ઈજા પહોંચાડી, ગુન્હો આચરેલ છે. જે સંબંધે ફરિયાદી રમેશભાઈ અમરાભાઈ પરમાર નાઓએ ધોરાજી તાલુકા પોલીસ મથકે ફરિયાદ કરતાં જે ફરિયાદ ધોરાજી સીટી પો. સ્ટે. ગુ. ર. નં. એ–

૧૧૨૧૩૦૯૫૨૫૦૪૮૦ /૨૫, તા.૪.૧૧.૨૦૨૫ ના રોજ નોંધેલ છે.

ઉપરોકત ફરીયાદ હકીકત આધારે ફરીયાદ રજીસ્ટરે લઈ, ફરીયાદ સબબ તપાસ કરનાર અમલદારને તપાસ અર્થે સુપ્રત કરવામાં આવેલી. તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા તથા જરૂરી કાર્યવાહીના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ. જે ચાર્જશીટ ફોજદારી કેસ તરીકે રજીસ્ટર થતાં અત્રેની અદાલતમાં ધારા–ધોરણસર તે કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ.

**૨.** ત્યારબાદ આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થયેલા અને ક્રિ.પ્રો.કોડ.ની–કલમ ૨૦૭ મુજબ આરોપીઓને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે મળ્યાની ખાતરી થતા સી.આર.પી.સી.ની કલમ–૨૪૦ ની જોગવાઈ ધ્યાને રાખી આ કામના આરોપીઓ ઉપર તહોમતનામું આંક–૦૩ થી ફરમાવી અને તહોમતનામાના અનુસંધાનમાં આંક–૪ અને આંક–૧૫ સુધી આરોપીઓની પ્લી નોંધતા આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે જેથી આરોપી સામેની ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલો.

**3.** સદર કામે ફરીયાદી અને આરોપી વચ્ચે ગુના સંદર્ભે પારિવારીક રીતે અંદરો અંદર વાતચીત થયેલ હોય અને તે અંગેની વિગતો આંક–૫ વાળી પરવાનગી પુરશીસ રજુ રાખેલ હોય જેને ધ્યાને લેતા ફરીયાદી તથા આરોપીને આંક–૫ વાળી પુરશીસ બાબતે પુછતા તેઓએ તે પુરશીસની વિગતે સ્વૈછીક હકીકતો કબુલતા હોય અને પક્ષકારોએ કબુલ મંજુર હોવાનું જણાવેલ હોય જેથી ફરીયાદી તથા પક્ષકારો તરફે રજુ આંક–૫ વાળી પુરશીસ મંજુર કરી સદર કેસ આગળ ચલાવવા હુકમ કરી પુરાવા રેકર્ડ કરી આગળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

૪. ફરીયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**// મૌખિક પુરાવો //**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી રમેશભાઇ અમરાભાઇ પરમારની જુબાની | ૬ |
| ૨ | સાહેદ ચેતનાબેન રમેશભાઇ પરમારની જુબાની | ૮ |

**// દસ્તાવેજી પુરાવો //**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૭ |
| ૨ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ | ૯ |
| ૩ | સારવાર પ્રમાણપત્ર | ૧૦ |

૪. ફરીયાદપક્ષે ઉપરોકત મુજબના પુરાવા રજુ થયા બાદ આંક-૧૧ થી કલોઝીંગ પુરશીસ રજુ રાખી પુરાવો પુર્ણ થયેલાનુ જાહેર કરતા ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવા વંચાણે લઇ આ કામના આરોપીનુ બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલુ. ત્યારબાદ ફરીયાદપક્ષે વી.એ.પી.પી.શ્રી ની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે તેમના વિ.વ.શ્રીની દલીલો વંચાણે લીધી.

૫. આ કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, તા.૪.૧૧.૨૦૨૫ ના રોજ કલાક ૧૯-૪૫ વાગ્યાના અરસામાં મોજે હનુમાનજી મંદિર, ભુખી ખાતે આ કામના ફરિયાદી હનુમાનજી મંદિરે દીવાબતી કરતા હોય, આ કામના આરોપી ત્યાં આવી ફરિયાદીને ઢીકાપાટુનો માર મારી, ભુંડી ગાળો આપી, જાનથી મારી

નાંખવાની ધમકી આપી તેમજ ફરિયાદીનુ માથુ બાકડા સાથે ભટકાડી, ઈજા પહોંચાડી, આરોપીએ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૧૫(૨),૩૫૧(૩)૩૫૨,મુજબનો શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે?

**૨.** શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો તેના કારણો સહીત નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**૭.** ફરીયાદ હકીકતો, રેકર્ડ ઉપરના પુરાવા, કાયદાકીય જોગવાઈઓ, દલીલો ધ્યાને લેતાં, ઉપરોકત મુદ્દાના નિર્ણય અંગેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

**<u>//કા ર ણો//</u>**

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચાઃ-</u>**

**૮.** ફોજદારી પ્રક્રિયાની ન્યાયશાસ્ત્રનો એ પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, ફરીયાદપક્ષે તેનો કેસ સબળ વિશ્વસનીય પુરાવાથી કોઈપણ જાતની શંકારહીત પુરવાર કરવાનો હોય છે જ્યારે ફરીયાદપક્ષના કેસમાં વાજબી શંકા ઉપસ્થિત થતી હોય તો તેનો લાભ આરોપીપક્ષને આપવાનો હોય છે ફરીયાદપક્ષે જે મુજબ આરોપી વિરૂદ્ધ આક્ષેપ કરેલ હોય તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાપક્ષની છે તે કેસના કોઈપણ તબક્કે ઓછી થતી નથી ફોજદારી કેસની કાર્યવાહીનો પ્રારંભ આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવામાં આવે છે અને બચાવ પક્ષ તરફથી વિશિષ્ટ પ્રકારનો બચાવ લેવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના પુરાવા પરથી ઉપસ્થિત થતી વ્યાજબી શંકાનો લાભ આરોપીને મળે છે.

૯. ફરિયાદપક્ષે આ કામે આંક-૬ થી ફરિયાદી રમેશભાઇ અમરાભાઇ પરમાર નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આરોપી પ્રકુલભાઇ દાનાભાઇ શેખવા તેમના મામાનો દિકરો થાય છે. જે આજરોજ કોર્ટમાં હાજર છે. હાલનો બનાવ આશરે ચાર મહિના પહેલા બનેલો. બનાવના દિવસે સાંજના આઠેક વાગ્યે તેઓ હનુમાનજીના મંદિરે દીવાબતી કરવા ગયેલ હતા ત્યારે પ્રકુલ આવેલ અને અહીં દીવાબતી કરતો નહી તેમ કહી તેમની સાથે બોલાચાલી કરવા લાગેલો અને આ દરમિયાન ઉગ્ર બોલાચાલી થતા ઘણા બધા માણસો ભેગા થઇ જતા ધકકા મુક્કી થતા તેઓ પડી જતા તેઓને માથાના ભાગે ઈજા થયેલી. આ દરમિયાન તેમની પત્ની પણ આવી ગયેલ બાદ તેઓને સરકારી દવાખાને લઈ ગયેલા. ત્યાં પોલીસ આવતા તેમની હાલની ફરિયાદ આપેલી. આથી વિશેષ કાઇ બનાવ બનેલ નથી. તેઓ તેમની ફરિયાદમાં આથી વિશેષ કાઇ હકીકત લખાવેલ નથી. તેમને યાદ કરાવવા છતાં આથી વિશેષ કંઇ યાદ આવતુ નથી.ઉપરોક્ત સાહેદને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીને તેઓની ઉલટતપાસ કરવા પરવાનગી આપતા વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતા ફરીયાપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકતને સમર્થન કરેલ નથી.

ઉપરોક્ત ફરિયાદીની આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,તેઓને આરોપી સાથે રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે. આરોપી સાથે તેઓને સામાન્ય બોલાચાલીથી વિશેષ કોઇ બનાવ બનેલ નથી.આરોપીએ તેમને ભુંડી ગાળો આપેલ નથી કે કોઇ હથીયારથી માર મારેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. તેઓએ ડોકટર સાહેબને પણ તેઓ અકસ્માતે પડી જતા તેઓને ઈજા

થયેલાનુ જણાવેલ. તેમને કોઇ માર મારવામાં આવેલ નથી. પોલીસે તૈયાર લખેલ કાગળમાં સહી લીધેલ તે તેઓએ વાંચેલ નથી કે પોલીસે તેઓને વંચાવેલ નથી.

૧૦. ફરિયાદપક્ષે આ કામે આંક-૮ થી સાહેદ ચેતનાબેન રમેશભાઇ પરમાર નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ફરિયાદી તેમના પતિ થાય છે. આરોપી પ્રકુલભાઇ દાનાભાઇ શેખવા તેમના મામાજીનો દિકરો દિયર થાય છે. જે આજરોજ કોર્ટમાં હાજર છે. હાલનો બનાવ આશરે ચાર મહિના પહેલા બનેલો. બનાવના દિવસે સાંજના આઠેક વાગ્યે તેમના પતિ હનુમાનજીના મંદિરે દીવાબતી કરવા ગયેલ હતા ત્યારે પ્રકુલ આવેલ અને અહીં દીવાબતી કરતો નહી તેમ કહી તેમની સાથે બોલાચાલી કરવા લાગેલો અને આ દરમિયાન ઉગ્ર બોલાચાલી થતા ઘણા બધા માણસો ભેગા થઇ જતા ધકકા મુક્કી થતા તેમના પતિ પડી જતા તેઓને માથાના ભાગે ઇજા થયેલી. આ દરમિયાન તેઓ પણ આવી ગયેલ બાદ તેમના પતિને સરકારી દવાખાને લઇ ગયેલા. ત્યાં પોલીસ આવતા તેમની હાલની ફરિયાદ આપેલી. આથી વિશેષ કાઇ બનાવ બનેલ નથી. તેઓ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં આથી વિશેષ કાઇ હકીકત લખાવેલ નથી. તેમને યાદ કરાવવા છતાં આથી વિશેષ કંઇ યાદ આવતુ નથી. ઉપરોક્ત સાહેદને વિ.એ. પી. પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીને તેઓની ઉલટતપાસ કરવા પરવાનગી આપતા વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતા ફરીયાપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકતને સમર્થન કરેલ નથી.

ઉપરોક્ત સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,તેઓને આરોપી સાથે રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે. આરોપી સાથે તેઓને સામાન્ય

બોલાચાલીથી વિશેષ કોઇ બનાવ બનેલ નથી. આરોપીએ તેમને ભુંડી ગાળો આપેલ નથી કે કોઇ હથીયારથી માર મારેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. તેમના પતિએ ડોકટર સાહેબને પણ તેઓ અકસ્માતે પડી જતા તેઓને ઈજા થયેલાનુ જણાવેલ. તેમને કોઇ માર મારવામાં આવેલ નથી.

**૧૧.** ઉપરોક્ત ચર્ચા કરેલ સમગ્ર પુરાવાની હકીકતો ધ્યાને લેતા ફરિયાદપક્ષે જે પુરાવા રજુ કરવામાં આવેલ છે તે આધારે આરોપી સામે હાલનો ગુન્હો પુરવાર થતો નથી. વધુમાં, સદર કામે રજુ થયેલ ફરિયાદી સાહેદની સરતપાસ ઉલટતપાસ સાથે લક્ષે લેતા તેમાં પણ તેઓએ આરોપી સાથે દીવાબતી કરવા બાબતે સામાન્ય બોલાચાલી અને અને તે દરમિયાન માણસો ભેગા થઇ જતા ધક્કા મુક્કીમાં પડી જવાથી તેઓને ઈજા થયેલ હોવાની હકીકત જણાવેલ છે . આરોપીએ તેમને ભુંડી ગાળો આપેલ નથી કે કોઇ હથીયારથી માર મારેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી તેમજ તેઓએ ડોકટર સાહેબને પણ તેઓ અકસ્માતે પડી જતા તેઓને ઈજા થયેલાનુ જણાવેલ હોય હાલના ગુન્હાના કામે આરોપીને તકસીરવાર ઠેરવી શકાય તેઓ કોઇ પુરાવો ફરિયાદપક્ષે રજુ થયેલ નથી. વધુમા, પક્ષકારો તરફે આંક-૫ થી પુરશીસ રજુ કરી પરવાનગી માંગતી અરજી રજુ કરેલ છે અને ફરિયાદપક્ષે આંક-૧૧ થી પુરાવો પુરો થયાની પુરશીસ રજુ રાખેલ છે જે જોતા ફરિયાદી અને આરોપી વચ્ચે અંદરો અંદર ઘરમેળે વાતચીત થઇ ગયેલ હોય વિશેષ કોઇ સાક્ષીઓ તપાસવામાં આવેલ નથી. આમ, ફરીયાદી અને આરોપી વચ્ચે અંદરો અંદર ઘરમેળે વાતચીત થઇ ગયેલ રેકર્ડ ઉપર આવેલ છે. જેથી, સદર કામે તપાસેલ ફરિયાદી સાહેદની જુબાની પરથી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળતુ ન હોય. ફરીયાદી તથા સાહેદની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ નીવડતી નથી. આમ આરોપી સામે હાલનો ગુન્હો પુરવાર થતો નથી. વધુમાં, ફરીયાદપક્ષને સમર્થન મળે અને

આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો પણ કોઈ પુરાવો ફરીયાદપક્ષે સદર કામે રજુ થયેલો નથી. જેથી, આરોપીને પુરાવાના અભાવે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ફરીયાદપક્ષે મુદ્દા નં.૧ ની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલા છે જેથી, મુદ્દા નં.૧ નો નિર્ણય "**નકારમાં**" આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## //હુ ક મ//

**૧.** આ કામના આરોપી પ્રફુલભાઈ દાનાભાઈ શેખવા, રહે.ભુખી, પ્રાથમીક શાળા પાછળ, તા.ધોરાજી. નાઓને, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ– ૧૧૫(૨),૩૫૧(૩),૩૫૨, મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**૨.** આરોપીના અગાઉ આપેલ જામીન જો ચાલુ રાખવા માંગતા હોય તો તે મુજબની કાર્યવાહી કરવી અથવા જો તે જામીન ચાલુ રાખવા ન માંગતા હોય તો નવા જામીન રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

– હુકમ, આજ તા.૦૭ માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ-ધોરાજી.
તા.૦૭/૦૪/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
ધોરાજી.
(જજ કોડ-જીજે૦૧૨૫૮)